સગાઈ માટે ગાંધીનગર આવતા પરિવારને અકસ્માત : ૧ નું મોત

પાટણથી બે ગાડી લઈને સગાઈ અર્થે આવતા પરિવારને આમજા પાસે અકસ્માત નડયો : ૧૭ વ્યકિતઓને નાની મોટી ઈજા

ગાંધીનગર, તા.૨૦

પાટણથી ગાંધીનગર સેકટર-૨૪ ખાતે સગાઈ કરવા માટે આવતા એક પરિવારને આમજા પાસે અકસ્માત નડયો હતો. મેકસ ગાડી અને દુધના ટેન્કર વચ્ચે થયેલા અકસ્માતમાં પરિવારના મોભીનું મૃત્યુ નિપજયું હતું. આ ગમખ્વાર અકસ્માતમાં સગાઈ પ્રસંગે જઈ રહેલી ગાડીમાં સવાર વ્યકિતઓને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. જે પૈકી ત્રણની હાલત ગંભીર જણાતા અમદાવાદ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. બનાવ સંદર્ભે કલોલ તાલુકા પોલીસે ગુનો નોંધી ફરાર ટેન્કર ચાલકને પકડવા ચકો ગતિમાન કર્યા છે.

પોલિસ સુત્રો દ્વારા મળતી મહિતી મુજબ પાટણ તાલુકાના હાંસપુર ગામના કરશનભાઈ ભીખાભાઈ પરમાર પોતાના નાના ભાઈની દિકરીની સગાઈ માટે કુટુંબના સભ્યો તેમજ સગા સંબંધીઓ સાથે બે ગાડીમાં ગાંધીનગર તરફ આવી રહ્યા હતા ત્યારે સવારના સુમારે આમજા ગામ નજીક મેકસ ગાડી નં. જી.જે. ૨૪ એ ૯૮૭૩ આગળ જઈ રહેલ ગાડીને ઓવરટેક કરવા જઈ રહી હતી તે દરમિયાન મેકસગાડીના ચાલકે કાબુ ગુમાવતા સામેથી પૂરઝડપે આવી રહેલ દુધના ટેન્કર નં. જી.જે. ૨. ઝેડ-૫૪૧૮ સાથે ટકરાઈ જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાતા ગાડીમાં સવાર વ્યકિતઓએ ચીસાચીસ કરી મુકી હતી. આ લોકોની બુમો સાંભળી સ્થાનિક રહીશો પણ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા નેમજ ગાડીમાં સવાર ઘાયલોને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન ગંભીર ઈજા પહોંચેલા પરિવારના મોભી ૬૩ વર્ષીય કરશનભાઈ ભીખાભાઈ પરમારનું મોત નિપજયું હતું. જયારે અન્ય ત્રણ વ્યકિતની હાલ ગંભીર જણાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાસે ખસેડવામાં આવ્યા હતા. મેકસ ગાડીમાં સવાર ૯ વ્યકિતઓને નાની મોટી ઈજાઓ પહોંચતા ગાંધીનગર સિવિલમાં સારવાર અપાઈ હતી. વધુમાં તેમની પાછળ આવી રહેલી તેમની અન્ય એક ગાડીના ચાલકે ચાલકે અચાનક બ્રેક મારતા તેમાં સવાર લોકો મળીને કુલ ૧૭ જણાને નાની મોટી ઈજા થવા પામી હતી.

પ્રેસ સર્કલ પાસેથી મધરાતે દારૂનો જથ્થો ભરેલી કાર સાથે બે ઝડપાયા

૧.૧૮ લાખના દારૂ-બિયરનો જથ્થો મળી રૂ. ૪.૭૧ લાખનો મુદ્દામાલ જપ્ત : બે દિવસના રિમાન્ડ મંજુર

ગાંધીનગર, તા.૨૦

ગોઝારીયાથી અમદાવાદ તરફ વિદેશી દારૂનો જથ્થો ભરેલી એસેન્ટ કાર ગાંધીનગરમાંથી પસાર થતી હોવાની બાતમીને આધારે સેકટર-૨૧ પોલીસની ટીમ રાત્રે ૩ વાગ્યે પ્રેસ સર્કલ પાસે વોચ પર ગોઠવાઈ ગઈ હતી. બાતમીવાળી કાર સર્કલેથી પસાર થતાં કાર ઉભી રખાવી ચેકીંગ કરતાં તેમાંથી એક પછી એક ૨૪૦ નંગ બીયરના ટીન અને ૨૩૨ નંગ વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની બોટલ મળી આવી હતી. પોલીસે કાર સહિત રૂ. ૪.૭૧ લાખ નો મુદ્દામાલ જપ્ત કરી ડ્રાઈવર સહિત બે શખ્સોની ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરી છે. બંને બુટલેગરોને કોર્ટમાં રજુ કરતાં કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

શહેરના સેકટર-૨૧ પોલીસ મથકના સિનિ. પી.આઈ. એસ.ડી. પટેલ તથા પી.એસ.આઈ. પી.જે. સોલંકીને ગઈ કાલે રાત્રે બાતમી મળી હતી કે દારુનો જથ્થો ભરેલી એસેન્ટ કાર નં. જીજે ૧ કે.એન. ૫૫૧૯ ગાંધીનગરના ઘ માર્ગ પરથી પસાર થવાની છે જેને આધારે સે-૨૧ પોલીસની ટીમ રાત્રે ૩ વાગ્યે પ્રેસ સર્કલ પાસે વોચ પર ગોઠવાઈ ગઈ હતી દરમિયાન બાતમી વાળી કાર રાત્રે પ્રેસ સર્કલથી પસાર થતા પોલીસે ઉભી રખાવીને તપાસણી કરી હતી. એસેન્ટ કારમાંથી ૨૪૦ બિયરના ટીન અને ૨૩૨ વિદેશી દારૂની બોટલ મળી રૂ. ૧,૧૮,૫૦૦ની કિંમતનો દારૂ મળી આવ્યો હતો. કારમાંથી બે શખ્સો ઝડપાઈ ગયા હતાં. જેમાં કાર ચાલક રાજસ્થાનનો નુર મહમ્મદ પીર મહમ્મદ મનસુરી અને ધંધુકા અમદાવાદનો બુટલેગર ધર્મેન્દ્ર ઝાલા પકડાઈ ગયા હતાં. બંને શખ્સોની પુછપરછ કરતાં ગોઝારીયા પાસે કાર તેમને સોંપવામાં આવી હતી અને અમદાવાદ ખાતે માલ ડીલીવરી કરવા લઈ જવાનો હોવાનું જણાવી રહ્યા છે. સે-૨૧ પોલીસે ત્રણ મોબાઈલ તથા કાર અને દારૂનો જથ્થો મળી રૂ. ૪,૭૧,૫૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ પુછપરછ માટે કોર્ટમાં રજુ કરતાં કોર્ટે બંને શખ્સોના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

સચિવાલયથી હાઈકોર્ટની બસ સેવા શરૂ કરવા માંગણી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર એસ.ટી.ડેપોથી સરખેજની બસો પૈકી દર એક કલાકની બસો વાયા 'ખ' રોડ ચલાવવા માંગણી કરવામાં આવી છે. આહીર સમાજના યુવા કાર્યકર અશ્વીન જાટીયાએ વાહન વ્યવહારમંત્રી તથા એસ.ટી.ડેપો મેનેજરને આવેદનપત્ર પાઠવી જણાવેલ છે કે સરખેજ-ઈસ્કોન રૂટની મોટા ભાગતની બસો ઘ-રોડ પર ચાલે છે. ગાંધીનગરનો વિકાસ ખુબ થયેલ છે. જેમાં મહાત્મા મંદિર બતાવવામાં આવતાં 'ખ' રોડ ઉપર દરેક સેકટરોનો વિકાસ થયેલ છે. 'ખ' રોડના સેકટર-૪ના વર્તમાન સરકાર દ્વારા વિકાસ કરવામાં આવતા ખ-૧થી છેક સરગાસણ સુધી નવી વસાહતો અસ્તિત્વમાં આવેલ છે.

આથી સરખેજની બસો પૈકી 'ખ' રોડથી સરખેજ રૂટની બસો ચલાવવા માગણી કરેલ છે. વિશેષમાં સરકારી કામ માટે નવા સચિવાલય તથા જૂના સચિવાલયના કર્મચારીઓ જ નિયમિત રીતે હાઈકોર્ટમાં જવાનું થાય છે. જેથી સરકારી કર્મચારીઓને અનુકૂળતા રહે તે રીતે નવા સચિવાલય, ઘ-૪, ઉદ્યોગભવન, કલેકટર કચેરી, એસ.ટી.ડેપો થઈને હાઈકોર્ટ સુધી બસ શરૂ કરવાની જરૂર છે.

બાળ લકવા નાબૂદીના ઘનિષ્ઠ અભિયાન અંતર્ગત આજે ગાંધીનગરમાં સેક્ટર-૭ના કોર્પોરેટર શ્રી કાર્તિક પટેલે ભૂલકાંઓને પલ્સ પોલિયો રસીના ટીપાં પિવડાવીને કરાવ્યો હતો.

આસુતોષ એન્ટરપ્રાઈઝ દ્વારા મુક્તિધામમાં ૨૭ ડસ્ટબીનનું દાન

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૩૦માં આવેલુ મુક્તિધામ ધીમે-ધીમે દાતાઓના સહકારથી સુવિધાયુક્ત બની રહ્યું છે ત્યારે ગાંધીનગર શહેરના આશુતોષ એન્ટરપ્રાઈઝ, સેક્ટર-૨૮ જી.આઈ.જી.સી.ના ધર્મેશભાઈ દેસાઈ અને ધીરજભાઈ દેસાઈએ ૨૭ નંગ કાકા પ્રોડક્ટના ડસ્ટબીન અને ૫ નંગ ડસ્ટ માટેની લારી મુક્તિધામમાં આપી છે. જેથી મુક્તિધામ સ્વચ્છ અને ચોખ્ખુ રહે. મુક્તિધામમાં જરૂરી વસ્તુ આપવા બદલ જુ.સિ.કાઉન્સિલે આભાર વ્યક્ત કર્યો છે.

તંદુરસ્ત સમાજના નિર્માણ માટે 'વાંચે માતા'નો નવતર પ્રયોગ

ગાંધીનગર, તા. ૨૦

હાઈટેક બનતા સ્પર્ધાત્મક શિક્ષણના યુગમાં ભણતરની સાથે ગણતરનો અભિગમ વિસરાયો છે. પ્રાથમિક શિક્ષણના વિદ્યાર્થીઓને સ્કૂલના ક્લાસરૂમ ઉપરાંત 'હોમવર્ક' પુરૂ કરવાના ભાર હેઠળ માત્ર કીતાબી માનસિકતાને આધીન બનતી ભાવિપેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે અનેક પ્રશ્નો મંડરાયા છે. ત્યારે શાળાએ જતા વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથે ઉમદા સંસ્કારનું સિંચન થાય તે માટે શહેરની મહિલા સંસ્થા દ્વારા નવતર અભિગમ કેળવવા 'વાંચે માતા'નું અભિયાન હાથ ધરવામાં આવનાર છે. તંદુરસ્ત સમાજના નિર્માણ માટે બાળકોની માતા ઉત્તમ જીવન ચરિત્રો વાંચન કરી પોતાના પાલ્યમાં પાયાના શિક્ષણની સાથે ઉમદા વિચારોનું સિંચન કરે તેવા આશયથી શિક્ષણક્ષેત્રે નવી કેડી કંડારવા આ નવતર પ્રયોગ હાથ ધરાશે.

ભાર વિનાના ભણતરની ગુલબાંગ વચ્ચે સતત સ્ટ્રેસ અનુભવતા આજના વિદ્યાર્થીઓ સ્કૂલના ક્લાસરૂમ, ટ્યુશન ઉપરાંત હોમવર્ક નિપટાવવામાં પોતાના સમય વિતાવે છે. શિક્ષણક્ષેત્રે સ્પર્ધાત્મક અભિગમ મજબૂત બનતા સ્ટુડન્ટસ માટે માત્ર અભ્યાસક્રમના પુસ્તકો જ ગાઈડલાઈન બની ગયા છે. જ્યારે ઘરેલુ વાતાવરણમાં પણ મોટાભાગે ટેલીવીઝન અને ફિલ્મોની અસર જોવા મળતા ઘણીવાર વિદ્યાર્થીઓના રોલ મોડેલ પણ ટી.વી. પડદાના પાત્રો બની જતા હોવાનું સ્પષ્ટ થાય છે. આ સઘળી સ્થિતિ વચ્ચે શાળામાં પુસ્તકીયુ જ્ઞાન મેળવતા વિદ્યાર્થીઓને તેમની માતા તરફથી પણ ઉત્તમ કેળવણી મળે તે અત્યંત અનિવાર્ય બન્યું છે. અગાઉના સમયમાં 'દાદીમા'ની વાર્તા આ વાતનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. બાળકોને જ્ઞાન સાથે ગમ્મત ઉપરાંત ગુણવત્તાસભર વિચારોનો વિકાસ કરતી વાર્તાઓ કહેવાનો સિલસિલો પણ હવે જાણે સર્દતર બંધ થઈ ગયો છે. શાળાના શિક્ષણ ઉપરાંત માતાઓ તરફથી થતા સંસ્કારના સિંચનમાં વાંચનની ખોટ વર્તાતી હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે. એક માતા સો શિક્ષકોની ગરજ સારે તે કહેવતને સાર્થક કરવાની દિશામાં નગરની મહિલા સંસ્થાએ નવતર પ્રયોગ હાથ ધરવાનું વિચાર્યું છે. જે અંતર્ગત આગામી તા. ૨૪ જાન્યુઆરીના રોજ 'વાંચે માતા' શીર્ષક હેઠળ અનોખો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. જ્યોતિ મહિલા મંડળ દ્વારા ભાવિપેઢી કોઈ વિકૃતિનો શિકાર ન બને તેમજ પાયાના શિક્ષણની સાથે તેમના વિચારોમાં પણ શુદ્ધિ જળવાઈ રહે તેવા અભિગમને અનુલક્ષી 'વાંચે માતા'નું અભિયાન હાથ ધરવામાં આવનાર છે. તંદુરસ્ત સમાજના નિર્માણ માટે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની માતાઓ પણ પુસ્તક વાંચે અને પોતાના પાલ્યની ઉત્તમ કેળવણી માટે જાગૃત બને તે બાબતને કેન્દ્રસ્થાને રાખી નગરની સૌથી જૂની મહિલા સંસ્થાએ અનોખી પહેલ કરી છે. જ્યોતિ મહિલા મંડળ દ્વારા 'વાંચે માતા'ના નવતર પ્રયોગ અન્વયે આગામી તા. ૨૪ જાન્યુઆરીના રોજ બપોરે ૨ વાગે સે. ૨૩ સ્થિત કડી કેમ્પસ ખાતે એક કાર્યક્રમ યોજવામાં આવનાર છે. જેમાં ધો. ૫ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ૧ હજાર માતાઓને તજજ્ઞો દ્વારા યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે. આ તબક્કે સિવાનંદ આશ્રમના સ્વામી આધ્યત્મનંદજી ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. મહિલા મંડળ દ્વારા આગામી સમયમાં શાળાના વિદ્યાર્થીઓની માતાઓને સ્વામી વિવેકાનંદ, ગાંધીજી, મધરટેરેસા સહિતની વિભૂતિઓના પુસ્તકોનું પણ વિતરણ કરાશે.

'દાદી મા'ની વાર્તા વિસરાઈ, ભાવિ પેઢી વિકૃતિનો શિકાર ન બને અને વિચારોની શુદ્ધિ થશે : મહિલા સંસ્થા અભિયાન હાથ ધરશે

ઈન્ફોસીટીના ભેદી ધડાકામાં ઘાયલ પાંચેય સ્ટર્લીંગમાં સારવાર હેઠળ

જીએસપીસીની ટીમ શંકા દૂર કરવા ઈન્ફોસીટી પહોંચી ને તેનાથી જ બ્લાસ્ટ થયો હોવાની શંકા ઉદ્‌ભવી : એફએસએલની હાજરીમાં ચેકઅપ કરવા પોલીસે સુચના આપી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના ઈન્ફોસીટી ખાતે સુપરમોલ-૧ માં ત્રીજા માળે સ્થિત ઓફીસમાં પ્રચંડ અવાજ સાથે ગઈકાલે બપોરે થયેલા ભેદી બ્લાસ્ટમાં ઘાયલ થયેલા બે ડાયરેક્ટર્સ - બે કલાયન્સ સહિત પાંચેય વ્યક્તિઓ હાલ અમદાવાદની ખાનગી હોસ્પિટલ સ્ટર્લીંગમાં સારવાર લઈ રહ્યા છે. પાંચ પૈકી ચારની હાલત હાલ સુધારા પર છે. જ્યારે એકની હાલત હજુ નાજુક જણાતા આઈ.સી.યુ.માં રાખવામાં આવ્યા છે.

હજુ સુધી બ્લાસ્ટનુ કારણ બહાર આવી શક્યુ નથી ત્યારે આજે બપોરના સુમારે જીએસપીસીની ટીમ ઈન્ફોસીટી આવી પહોંચતા અનેક શંકાઓ જન્મી હતી. જીએસપીસીની લાઈનને કારણે બ્લાસ્ટ થયો તો નથી ને તેનું ચેકીંગ કરવા માટે આજે ટીમ મોકલવામાં આવી હતી. તેના પર ઓફીસ સંચાલકનું ધ્યાન પડતાં ચેકીંગ કરી રહ્યા હોવા સંદર્ભે પોલીસને જાણ કરી બોલાવી લેવામાં આવી હતી. જીએસપીસીની લાઈનથી જ બ્લાસ્ટ થયો હોવાથી તેની ટીમ મોકલવામાં આવી હોવાની અફવા શરૂ થઈ જતા પોલીસે હાલ પુરતુ ચેકીંગ પણ બંધ કરી દેવા સુચના આપી દીધી હતી. અને આવતીકાલે એફએસએલની ટીમની હાજરીમાં જ ચેકીંગ કરવા આદેશ જારી કરતા મામલો થાળે પડ્યો હતો.

ઊંઝા ગામથી ઉમિયા માતાજીની અખંડ જ્યોત મણીનગર લવાશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લાના મણીનગર ગામના મહાકાલી ચોકમાં તા. ૨૪મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ ઉમિયા ધામ, ઊંઝાથી ઉમિયા માતાજીની અખંડ જ્યોતિ લાવી પ્રસ્થાપિત કરવાનો કાર્યક્રમ યોજાશે. જેમાં સમસ્ત મણીનગર ગામની આમંત્રીત બહેન-દિકરીઓ તથા સ્નેહીજનો ખાસ ઉપસ્થિત રહેશે.

કલોલ તાલુકાના મણીનગર (સોજા) ગામે તા. ૨૪મી જાન્યુઆરીના રોજ ઊંઝા ગામેથી મા ઉમિયાની જ્યોત લાવવામાં આવશે. સવારે ૧૧.૧૫ કલાકે અખંડ જ્યોત ઊંઝાથી પ્રસ્થાન કરશે. જે મણીનગર ખાતે સાંજે ૫.૩૦ કલાકે આગમન કરશે.

આ પ્રસંગે સાંજે ૭.૩૦ કલાકે મહેમાનોનો સન્માન સમારંભ યોજાશે. તથા રાત્રે ૮.૩૦ કલાકે રાસ-ગરબાને કાર્યક્રમ યોજાશે. અખંડ જ્યોત વિદાય તા. ૨૫મી જાન્યુઆરી ૨૦૧૩ને સવારે ૭.૩૦ કલાકે થશે. જે મણીનગરથી માણસા સમાજવાડીએ જવા પ્રસ્થાન કરશે. સમસ્ત મણીનગર ગામની બહેન-દિકરીઓને રાસ ગરબામાં ભાગ લેવા અવશ્ય પધારવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં જળ અને સ્વચ્છતા સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની સમીક્ષા બેઠક આજરોજ જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપના અધ્યક્ષસ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે. ભટ્ટની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

આ બેઠકમાં ગાંધીનગર જિલ્લામાં પીવાના પાણીનાં કામો-સેકટર રિફોર્મ કાર્યક્રમ હેઠળનાં કામોની સમીક્ષા તથા આયોજન અંગે સમીક્ષા કરવામાં આવી હતી. સેકટર રિફોર્મ યોજના અંતર્ગત કુલ - ૨૪૧ ગ્રામ સમિતિઓની યોજનાઓને વહીવટી મંજૂરી આપવામાં આવેલી છે, જેની કુલ અંદાજીત કિંમત રૂપિયા ૩૭૧૫.૭૮ લાખ છે. કુલ ૧૯૭ યોજનાના કામો પૂર્ણ થયેલ છે જ્યારે ૪૪ યોજનાના કામો -ગતિ હેઠળ છે. ગ્રામ સમિતિ દ્વારા લોકફાળા પેટે કુલ રૂપિયા ૩૫૯.૬૧ લાખ તેમના બેંકના ખાતામાં જમા કરેલ છે. માણસા તાલુકાના ૪૭, કલોલ તાલુકાના ૪૫, ગાંધીનગર તાલુકાના ૪૯ અને દહેગામ તાલુકાના ૫૬ મળી કુલ - ૧૯૭ ગામોનાં કામો પૂર્ણ થયેલ છે.

જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપે જિલ્લાનાં તમામ ગામો તેમજ ગ્રામ વિસ્તારના ફળિયા - પરાઓમાં, જિલ્લાની તમામ -પ્રાથમિક શાળાઓ, આંગણવાડીઓમાં પીવાનું સ્વચ્છ પાણી વ્યવસ્થિત ઉપલબ્ધ બને તે અંગે યોગ્ય તકેદારી રાખી વ્યવસ્થા ગોઠવવા જણાવ્યું હતું.

બેઠકમાં સેકટર રિફોર્મ યોજના (રાજય) હેઠળ માણસા તાલુકાના દેલવાડ, ગાંધીનગર તાલુકાના ગલુદણ, દહેગામ તાલુકાના પાલુન્દ્રા અને કલોલ તાલુકાના ઉસ્માનાબાદ તથા મોખાસણ માટે રૂપિયા ૫૫,૬૪,૨૨૦ ના ખર્ચની યોજનાઓને વહીવટી મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત -ગતિ હેઠળની ૧૬ ગ્રામ સમિતિઓની યોજનાઓ માટે રૂપિયા ૫૬,૨૦,૭૫૧ અને નવીન મંજૂર કરાયેલ પાંચ ગામોની યોજનાઓ માટે રૂપિયા ૧૯,૪૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૭૫,૬૦,૭૫૧ ની ગ્રાંટ ફાળવણી મંજુર કરવામાં આવી હતી.

ગાંધીનગરના બલરામ મંદિર પરિસરમાં ધ્યાનયોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

શ્રી આનંદી મા ગુરુ ધ્યાનયોગીજી કલ્યાણ કેન્દ્ર સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ પ.પૂ. દ્યાનંદ્યાયોગી મધુસૂદનદાસજીના પરમ શિષ્યા પ.પૂ. આનંદીમાના સાનિધ્યમાં તા. ૨ ફેબ્રુઆરીથી ૩ ફેબ્રુઆરી દરમિયાન સાંજે ૪ થી ૮ કલાકે બલરામ મંદિર પરિસર, સેક્ટર-૧૨-ડી, ગાંધીનગર ખાતે ધ્યાન યોગ શિબિર યોજાશે.

ધ્યાનયોગ શિબિરમાં પરમ વંદનીય શ્રી આનંદીમા ધ્યાન યોગ તેમજ શક્તિપાત કરાવશે. આ પ્રસંગે બ્રહ્મલીન પ.પૂ. ધ્યાન યોગી મધુસૂદનદાસજીના જીવનચરિત્ર પર આધારિત પ્રદર્શન તથા બુક સ્ટોલ પણ યોજાશે. જેનો લાભ લેવા ટ્રસ્ટી વૈકુંઠભાઈ દેસાઈએ ખાસ જણાવ્યું છે.

પંચશીલ વિદ્યાલયનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

પંચશીલ વિદ્યાલય રખિયાલ ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વિવિધ ધાર્મિક સ્થળોનો તાજેતરમાં શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. પંચશીલ વિદ્યાલય રખીયાલ દ્વારા અભ્યાસ અંતર્ગત એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ૧૬૦ વિદ્યાર્થીઓ પ્રવાસમાં જોડાયા હતા. આ પ્રવાસ અંબાજી, ખેડબ્રહ્મા, શામળાજી સહિતના ધાર્મિક સ્થાનોના દર્શન કરી વિદ્યાર્થીઓએ આનંદ અનુભવ્યો હતો. પ્રવાસમાં વાલીગણ અને પૂર્વ વિદ્યાર્થીઓ સહિત શાળાના શિક્ષકો ખાસ જોડાયા હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૭
સૂર્યાસ્ત : ૬.૨૨

તાપમાન

મહત્તમ : ૨૪.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૦.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૩૬ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૨ :
ઈન્કાર : ૧૨.૦૦, ૨.૩૦, ૧૦.૦૦
મુંબઈ મિરર : ૫.૦૦, ૭.૩૦
: સ્ક્રીન-૩ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઈન્કાર : ૬.૪૫
: સ્ક્રીન-૪ :
ઈન્કાર : ૧૦.૦૦
મુંબઈ મિરર : ૧૨.૩૦, ૩.૦૦, ૧૦.૦૦
ટેબલ નં. ૨૧ : ૫.૩૦
દબંગ-૨ : ૭.૩૦
: સ્ક્રીન-૫ :
ઈન્કાર : ૫.૦૦ , ૧૦.૦૦
મુંબઈ મિરર : ૨.૩૦, ૭.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
બંદૂક : ૯.૧૫, ૨.૪૫, ૧૦.૧૫
લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૫.૧૫
દબંગ -૨ : ૧૨.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ઈન્કાર : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
મુંબઈ મિરર :૯.૪૫, ૧૨.૧૫, ૧૦.૧૫
ટેબલ નં.૨૧ :૩.૪૫, ૮.૧૫

સૂર્યા, વાવોલ

મુંબઈ મિરર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઘાયલ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
મુંબઈ મિરર : ૧૦.૩૦, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
ઈન્કાર : ૪.૧૫
: સ્ક્રીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
ઈન્કાર : ૧.૦૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
મુંબઈ મિરર : ૧૦,૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

વિરાગ, કલોલ

ઘાયલ (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- સર્વ શિક્ષા અભિયાન ગાંધીનગર દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ બપોરે ૨.૦૦ કલાકે.

આપની આજ

મેષ : લગ્ન સંબંધી ચર્ચા ચાલશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

વૃષભ : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બની રહ્યા છે.રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે.

મિથુન : શત્રુઓથી હાની થવાની સંભાવના છે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપો. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

કર્ક : ઉપહાર મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ઉન્નતિ થશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે.

સિંહ : ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે.

કન્યા : વ્યાપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે.

તુલા : દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે.

વૃશ્ચિક : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો. કાર્યની ગતિ બનાવી રાખો. જોખમના કાર્યથી બચવું.

ધન : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

મકર : પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે. મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે.

કુંભ : આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે. વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

મીન : શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

ચિરવિદાય

- સ્વ. જયાબેન અંબાલાલ સોની (ઉ.વ. ૯૯) પ્લોટ નં. ૬૮૭/બી, સેકટર-૨૧, ગાંધીનગર.
- સ્વ. શકરીબેન વિઠ્ઠલદાસ નાયી (ઉ.વ.૯૦) મુ.પો. ધોળાકુવા, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. ભગવતીપ્રસાદ અંબાલાલ મિસ્ત્રી (ઉ.વ. ૭૭) પ્લોટ નં. ૧૩૨૭/૧, સેકટર- ૭/ડી, ગાંધીનગર.
- સ્વ. કાંતાબેન ભીખુભાઈ પટેલ (ઉ.વ.૬૫)૭૮, સર્વોદયનગર, ગુજરાત હાઉસિંગ બોર્ડ, સેકટર- ૩૦, ગાંધીનગર.
- સ્વ. સજુબેન નાગજીભાઈ પારેખ (ઉ.વ. ૮૫) બ્લોક નં. ૬/૧, ૭૮ ટાઈપ, સેકટર- ૭/ડી, ગાંધીનગર.